ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ

તા. ૧૯.૧૨.૨૦૧૮

-------------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તારીખ ૨૨ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય મહિલા અધિવેશનના સમારોપ પ્રસંગે દેશભરમાંથી તેમજ સમગ્ર રાજ્યમાંથી આવેલ મહિલા પ્રતિનિધિશ્રીઓને પ્રેરક માર્ગદર્શન આપશે**

-------------------

**રાષ્ટ્રીય મહિલા અધિવેશનના શુભારંભ પ્રસંગે**
**દેશના કેન્દ્રિય રક્ષા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનજી સ:વિશેષ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે**

-------------------

**કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાનીજી વિશેષ સત્રમાં ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે**

-------------------

ભાજપા મહિલા મોરચાનું રાષ્ટ્રીય અધિવેશન ત્રિમંદિર, અડાલજ ખાતે તારીખ ૨૧, ૨૨ ડિસેમ્બરના રોજ યોજાવા જઇ રહ્યુ છે. આજરોજ અધિવેશન સ્થળે ત્રિમંદિર ખાતે વ્યવસ્થા બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આયોજન બેઠક પછી ભાજપા મહિલા મોરચાની રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વિજ્યા રાહટકરજીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, ગુજરાત ભાજપાનું સંગઠન દેશભરમાં સૌથી આગવું સંગઠન છે. આવા ઉત્કૃષ્ટ સંગઠનની કાર્યપધ્ધતિથી મહિલા મોરચો વાકેફ થાય તે માટે આ વખતે ગુજરાતમાં મહિલા મોરચાનું રાષ્ટ્રીય અધિવેશન યોજવામાં આવી રહ્યુ છે.

શ્રી રાહટકરજીએ જણાવ્યુ હતુ કે, આજે ભાજપાની સરકારમાં ૦૭ કેન્દ્રિય મહિલા મંત્રીઓ, ૦૨ મહિલામંત્રીઓ અતિમહત્વની કેબીનેટ સલામતિ સમિતિના સભ્યપદે છે અને દેશભરમાં ૬ મહિલાઓ ગવર્નર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, શ્રીમતી સુમિત્રા મહાજન લોકસભાના અધ્યક્ષા પદે સેવા આપી રહ્યા છે. તમિલનાડુ રાજ્યના ભાજપા અધ્યક્ષા પણ મહિલા છે. ભાજપાના શાસનમાં આજ સુધી સૌથી વધુ સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ અને જીલ્લા પંચાયત-નગરપાલિકામાં અધ્યક્ષ પદે મહિલાઓ સેવા આપી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત ભાજપા દ્વારા અમલકરણ થયુ છે તેમજ સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત ભાજપાએ સફળતાપૂર્વક અમલી બનાવેલ છે.

શ્રી રાહટકરજીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણની ઘણીબધી યોજનાઓનો શુભારંભ થયેલ છે, તે પૈકી બેટી બચાવો બેટી પઢાવો, મુદ્રા લોન, ઉજ્જવલા યોજના, શૌચાલયોનું નિર્માણ, મેટરનીટી લીવમાં વધારો, મહિલાઓના હિતમાં કલ્યાણકારી યોજનાઓ અને ખૂબ મોટા પ્રમાણમાં મહિલાઓને તે યોજનાઓ થકી લાભ થયેલ છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી રાહટકરે કાર્યક્રમોની વિગત આપતા જણાવ્યુ હતુ કે, તારીખ ૨૧ ડિસેમ્બરના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી રજીસ્ટ્રેશન થકી મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનનો શુભારંભ થશે. મહિલા મોરચાના રાષ્ટ્રીય અધિવેશનના શુભારંભ પ્રસંગે દેશના કેન્દ્રિય રક્ષા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનજી સઃવિશેષ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે. જેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તેમના મંત્રીમંડળના સભ્યો સહિત, ગુજરાત ભાજપા અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી, રાષ્ટ્રીય મહામંત્રી તેમજ પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી રામલાલજી તેમજ રાષ્ટ્રીય મહામંત્રી શ્રીમતી સરોજ પાંડે સવિશેષ ઉપસ્થિત રહેશે.

તારીખ ૨૨ ડિસેમ્બરના રોજ સવારે ૯.૦૦ કલાકે દેશના વિવિધ પ્રાંતોમાંથી આવેલ મહિલા પ્રતિનિધિશ્રીની વિભાગસઃ બેઠક યોજાશે. એક સાથે ૦૬ વિભાગોમાં દેશના જુદા-જુદા પદાધિકારીશ્રીઓ આ બેઠક લેશે. કેન્દ્રીય ટેક્ષટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાનીજી સત્રમાં વિશેષ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે. ત્યારબાદ રાજકીય ઠરાવ પસાર કરવામાં આવશે, ત્યારબાદ ચર્ચા-વિચારણા કરવામાં આવશે અને આગામી ૨૦૧૯માં યોજાનાર લોકસભા ચૂંટણી અંતર્ગત વિવિધકા ર્યક્રમોની રૂપરેખા ઘડવામાં આવશે.

શ્રી રાહટકરે વધુમાં જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રીય અધિવેશનના સમારોપ સત્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના સુદૂર પ્રાંતોમાંથી આવેલ ૫૦૦૦ થી વધુ મહિલા કાર્યકરો તેમજ ગુજરાતમાંથી આવેલ ૨૦,૦૦૦ થી વધુ મહિલા કાર્યકરોને સંબોધન દ્વારા પ્રેરક માર્ગદર્શન આપશે.

આજના આ પ્રસંગે ભાજપા મહિલા મોરચાની રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વિજ્યા રાહટકરજીએ રાષ્ટ્રીય મહિલા અધિવેશનના ઓફીશીયલ લોગો તેમજ એક હદયસ્પર્શી વિડીયોનું વિમોચન કર્યુ હતુ. વિશાળ સંખ્યામાં મહિલા નેતૃત્વ ગુજરાતમાં આવતુ હોય ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપાએ તેમને આવકારવા વિડીયો બનાવ્યો છે તેનું લોન્ચીંગ પણ આજરોજ કરવામાં આવ્યુ હતુ. અત્યાર સુધી પૂર્વોત્તર રાજ્યો જેવા કે, ત્રિપૂરા, અરુણાચલ પ્રદેશ, મણીપુર અને ઓડિસાની મહિલા અગ્રણીશ્રીઓ અમદાવાદ મૂકામે આવી પહોચ્યા છે. તે ઉપરાંત કર્ણાટક, ઝારખંડના મહિલા પ્રતિનિધિશ્રીઓ પણ અમદાવાદ આવી પહોચ્યા છે અને બાકીના રાજ્યોના મહિલા પ્રતિનિધિશ્રીઓ આવતીકાલ સુધી ગુજરાતમાં આવશે તેમ શ્રી રાહટકરજીએ અંતમાં જણાવ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ